
# પ્રેમાંજલિ



:સંપાદક:

**પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય**

રંગ અવધૂત પરિવાર, અમદાવાદ દ્વારા પ્રકાશિત

# પ્રેમ પંચશીલ

*

## પ્રેમ સંદેશ

પ્રેમથી જીવો,
પ્રેમમાં જીવો,
પ્રેમને જીવો,
પ્રેમ આપો,
પ્રેમ મળશે.

કદાચ સામેથી પ્રેમ ન મળે, તો પણ પ્રેમ આપ્યાનો સંતોષ તો થશે જ.

પ્રેમ એ જ પરમાત્મા છે.

ૐ
પ્રેમ



# પૂ. પ્રેમ અવધૂતજી (લીંચ)

નિર્મળ હૈયુ નિર્મળ વાણી, નયને પ્રેમ તણી સરવાણી.
વિચાર ઊંચા જીવન સાદુ, એવુ જીવે સાચો સાધુ.



# પૂ. પ્રેમ અવધૂતજી (લીંચ)

## અંતિમ દર્શન

તા. ૪-૨-૨૦૧૨

ગ્રાફિક્સઃ હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
"રાહ-રંગપ્રેમની", આણંદ.
(મો.) ૯૮૨૫૫૨ ૯૪૦૦૪.
(ઘર) ૦૨૬૯૨- ૨૪૯૪૫૫.

પ્રકાશકઃ અંબાલાલ એન. પટેલ
શ્રીરંગ અવધૂત પરિવાર, અમદાવાદ.

સંપાદકઃ પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.

આવૃત્તિઃ પ્રથમ, સોમવાર, તા. ૧૩-૦૨-૨૦૧૨
"**પ્રેમ અવધૂત**" પ્રાર્થનાસભા દિન

પ્રતઃ ૧૨૦૦

# ઋણસ્વીકાર

પ્રેમની, સરળતાની અને સેવાની મૂર્તિ એવા પૂ. પ્રેમ અવધૂતજીએ પરિવારના ભક્તોને અઢળક પ્રેમ આપ્યો અને એમના કપરા કાળમાં સધિયારો પણ આપ્યો. પરંતુ જે નિઃસ્પૃહતાથી એમણે અંતિમ વિદાય લીધી અને એ અંગેની સમગ્ર વિધિ પૂ. હરિ ૐ મોટાની જેમ થોડાક વ્યક્તિની હાજરીમાં જ પતાવવાની લેખિત સૂચના આપી એના પરિણામે ભક્તોને એમના અંતિમ દર્શન થઈ શક્યા નહીં. એને કારણે ભક્તોના હૈયામાં અસીમ વેદના અને અપાર મૂંઝવણ જાગી. એમણે જે કર્યું એ તો આદર્શની ચરમ સીમારૂપ જ છે. પરંતુ ભક્તોનું હૈયું વલોવાઈ ગયું અને મન માનતું નથી. રડતી આંખે ડુસકા ભરતા ભક્તોને કાંઈક હાશ થાય અને એમનું હૈયું હળવું થાય એ આશયથી યોજાયેલી પ્રાર્થનાસભામાં પ્રસાદીરૂપ પુસ્તિકા આપવાનો વિચાર આવ્યો અને એ દ્વારા પૂ. પ્રેમ અવધૂતજીના ઋણનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે.

આપણે તો આવું થશે એવું નહોતું ધાર્યું. પરંતુ આખરે હરિનું ધાર્યું જ થયું. હરિનું ધાર્યું થયું તે આપણે સ્વીકારવું રહ્યું.

લિ.

તા. ૧૩-૨-૨૦૧૨ — અંબાલાલ ન. પટેલ

અમદાવાદ. — શ્રી રંગ અવધૂત પરિવાર

# જીવન ઝરમર

કોઈ પણ સંતપુરુષની જીવન ઝરમર લખવાનું સાહસ કરવાના વિચારમાત્રે જ શ્રીગુરુલીલામૃતના પેલા દોહરાનું સ્મરણ થઈ જાય જ.

ચણા ચાવવા લોહના ના બચ્ચાનો ખેલ,
રંગ ગુરુકૃપા હોય તો કરે મોતથી ગેલ.

(અ. ૪૦, દો. ૧૦૨)

સંતોનું જીવનચરિત્ર જાણવાથી શું ફાયદો? શા માટે સંતોની જીવન ઝરમર લખવી જોઈએ?

સંતોની જીવન ઝરમર આપણને હૂંફ આપે છે, માર્ગદર્શન આપે છે અને પ્રેરણાબળ પૂરું પાડે છે. આવી જીવન ઝરમર આપણા જીવનમાં પણ સંતત્વ પામવાની ઈચ્છાને પ્રગટ કરે છે, પ્રબળ કરે છે અને આપણને એ પથ પર પદાર્પણ કરવાની પ્રેરણા આપે છે.

સંત પોતે તો પોતાની જીવન ઝરમર લખાય એવું ન ઈચ્છે કારણ કે જીવન ઝરમરમાં કેવળ સારી સારી વાતોનું ઢોલ ચારેબાજુથી પીટાતું હોય છે. પણ એવા અભિવાદનનો હેતુ સારા આચરણની મહેકને પ્રસરાવી ઘણી વ્યક્તિઓને મહેકતા કરવાનો જ છેને! અને

સદ્‌ગુણ દર્શન દ્વારા સદ્‌ગુણોનો વિકાસ થાય એ સ્વાભાવિક છે.

પૂ. પ્રેમ અવધૂતજીનું મૂળ નામ પ્રેમશંકર. પિતાનું નામ કૃપાશંકર અને માતાનું નામ શાંતાબહેન. પ્રેમ-કૃપા અને શાંતિનો ત્રિવેણી સંગમ. લાડનું નામ બચુ. બચુભાઈ તરીકે વધુ જાણીતા- ગામમાં અને રંગ પરિવારમાં પણ.

મુ. કૃપાશંકર પર દેવની એવી અવકૃપા કે અગિયાર વર્ષે તદ્દન એકલા પડી ગયા. ત્રણ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. નવમે વર્ષે ‘મા’ની હૂંફાળી ગોદ ગુમાવી અને અગિયારમા વર્ષે એકમાત્ર માડીનો જાયો ગુમાવ્યો. ઉપર આભ અને નીચે ધરતી.

મુ. કૃપાશંકર કપરી સ્થિતિમાં પણ સંતસેવા અને દેવસેવા કરવામાં ‘ખડે પગે’ તૈયાર રહેતા. કૃપાશંકરનાં લગ્ન એ જમાનાની દૃષ્ટિએ ખૂબ ખૂબ મોડાં થયાં કહેવાય. પાંત્રીસ વર્ષે પ્રભુતામાં પગલાં પાડ્યાં અને તે પણ જોટાણાના સંત શ્રી શાલિગ્રામજીના આશીર્વાદના બળે. સાટા પદ્ધતિના જમાનામાં એકલા કૃપાશંકરને કોણ કન્યા આપે? પણ શાલિગ્રામજીનું વરદાન હતુંને! “ઉત્તરસે આયેગા.” કૃપાશંકર અને શાંતાબહેનના દાંપત્ય જીવન ઉપર સંતના આશીર્વાદની મીઠી નજર હતી.

લગ્નજીવનનાં ચાર વર્ષ પછી સંતાનયોગ આવ્યો. કૃપાશંકર શિવજીના પરમ ભક્ત અને સૌ. શાંતાબહેન કૃષ્ણના પરમ ભક્ત. **'એકો દેવો કેશવો વા શિવો વા'** એ ન્યાયે દેવ તો ક્યાં શિવ ક્યાં કેશવ. જ્યારે આમણે તો બંનેને સાધ્યા. પ્રથમ પુત્રી ને પછી પુત્ર. શિવભક્ત કૃપાશંકરની શ્રાવણ માસની ભક્તિના ફળરૂપે વિ. સં. ૧૯૮૭ના ભાદરવા સુદ એકમ ઉપર બીજને દિવસે (તા. ૧૩-૯-૧૯૩૧) એમને ત્યાં પુત્રજન્મ થયો. ગામ આખું આનંદના હિલોળે ચઢ્યું. 'ભગવાન શંકર ફળ્યા'ની ભાવના સાથે ગામમાં ઉત્સવનું વાતાવરણ જામ્યું.

શ્રી કૃપાશંકરને બે સંતાન. પુત્ર પ્રેમશંકર નાના અને પુત્રી સોમીબહેન મોટા. સોમીબહેનનું નામ જશોદા-યશોદા હતું. બચુભાઈના જન્માક્ષર તૈયારી કરીને ફળાદેશ વાંચતા જોશીએ કહ્યું કે કર્કનો ગુરુ દેહસ્થાન પર છે એટલે આ બાળકનો આ છેલ્લો જન્મ ગણાય. ખૂબ આધ્યાત્મિક થશે.

બાળપણમાં વાંકડિયા વાળ એટલે સરસ દેખાય. પોતે જાતે જ વાળ પકડે પરંતુ છોડતા ન આવડે એટલે રડે. પકડ્યું તે છોડવું નહિ એનો જાણે સંદેશો નહિ આપતા હોય!

ભણવામાં પહેલેથી હોશિયાર. કાયમ પ્રથમ નંબર જ મેળવે. એકવાર બીજે નંબરે ઉત્તીર્ણ થયા ત્યારે ખૂબ રડ્યા.

ખૂબ નાના હતા, માંડ એક વર્ષના હતા, ત્યારે બનેલો પ્રસંગ બહુ સૂચક છે. ઘોડિયામાં સૂતા હતા ત્યારે ઘોડિયા નીચે એક મોટો ફણાવાળો સાપ આવ્યો. જોતાં જ ગભરાઈ જવાય એવો લાંબો અને કાળો. થોડી વાર ઘોડિયાની આજુબાજુ ફરીને અનાજની ગૂણ વચ્ચે ભરાઈ ગયો જેને પકડવામાં બહુ જહેમત બાદ સફળતા મળી. બે માણસોએ ઊંચકેલો ત્યારે મૂકી આવી શક્યા તેવો હતો. આ પ્રસંગ જોનારા જાણે એનો અર્થ કરતા હોય તેમ કહેવા લાગ્યા કે બાળક આગળ જતાં આધ્યાત્મિક માર્ગે આગળ વધશે.

નાનપણથી જ પંથ નિરાળો. 'મા'ના ખોળામાં માથું મૂકી રાત્રે ધ્રુવ-પ્રહ્લાદ અને મીરાં-નરસિંહની વાતો સાંભળવાની ટેવ, પરિણામે ૬ વર્ષની ઉંમરથી જ મન ભગવાનની સેવા તરફ વળ્યું. સ્કૂલમાં જવાનું શરૂ થયું ત્યારથી રોજ, શિક્ષકને જઈને અચૂક પગે લાગવાનું. આ નિયમ કદી તૂટ્યો નહિ.

વિદ્યાર્થી અવસ્થામાં પણ સમાધાનકારી વલણ, કોઈ સાથે ઝઘડો કર્યો નથી. મૂળે ઝઘડાનું વાતાવરણ જ ના ગમે. સાત્ત્વિકતા

પ્રધાન સ્વભાવ એટલે આજે પણ અજાતશત્રુ જેવા. બધાને સામેથી બોલાવે અને પ્રેમભરી અમૃતમય વાણીથી એમના અંતરને ઠંડક આપે.

થોડા મોટા થયા એટલે નર્મદા કિનારે નાસી જવાના વિચારો આવ્યા કરે. પોતાના લંગોટિયા દોસ્ત મૂળજીભાઈ સાથે પણ આ જ વાત, ભજન, કીર્તન અને પ્રભુપ્રાપ્તિ માટે સદ્‌ગુરુની શોધની જ ચર્ચા.

ભજનની લગની લાગી. ગાયત્રીનાં અનુષ્ઠાનો શરૂ થયાં. અનુષ્ઠાન વખતે મૌન અને કેવળ ગાયનું દૂધ લેવાનું. ગાયત્રીના ત્રણ પુરશ્ચરણ કર્યાં. અંતઃકરણ દૂષિત થવાની ઉંમર આવે એ પહેલાં જ મન ઈશ્વર તરફ વળી ગયું. કુમળી વયે ઈશ્વરાભિમુખ વલણથી ખુલ્લી આંખે પણ આકાશમાં નજર કરતાં ઉપાસ્ય દેવ દેખાય. ઉપાસ્ય દેવ ગાયત્રી 'મા' હોવા છતાં વિષ્ણુ, શિવ, કૃષ્ણ, માતાજીની ઉપાસના પણ કરી. હનુમાનજી પર સવિશેષ પ્રીતિ. કદાચ હનુમાનજીની સેવાવૃત્તિ જ આકર્ષણનું કારણ હશે. હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ કરતા રામ રામના ખૂબ જપ કર્યા. દુકાનમાં બેસીને ધંધો કરે પરંતુ ફાજલ સમયમાં 'રામ' નામનો જપ

ચાલે. રામ રામની રોજ પાંચસોથી એક હજાર (૧૦૦૦) માળા કરે, વ્યવહાર અને પરમાર્થ બંને સાચવવાની હોશિયારી નાનપણથી જ લોહીમાં ઊતરી આવી.

પૂજા કર્યા વિના પાણી નહિ પીવાનું વ્રત. ૧૩ વર્ષની ઉંમરથી શંકરનું લિંગ સાથે જ રાખે. પવિત્રતા અકબંધ જાળવે. બ્રહ્મકર્મ કર્યા પછી જ બીજી વાત. ભગવાન શંકર પર સૌથી વધુ શ્રદ્ધા, જાણે પિતાશ્રીનો વારસો મળ્યો.

મન ઉપર ભક્તિની ઘેરી અસર. રાત્રે પણ એના જ વિચારો એટલે સપનામાં પણ એ જ વાતાવરણ. જાગ્રત અવસ્થાનું પ્રતિબિંબ સ્વપ્ન અવસ્થામાં પડેને! સ્વપ્ન ઘણી વાર ભાવિનું સૂચન પણ કરતા હોય છે.

એક દિવસ બચુભાઈને દિવ્ય સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નની ફળશ્રુતિ આજે ચરિતાર્થ થતી જોવા મળે છે.

નાની એક રૂમ. પશ્ચિમ દિશાનું બારણું. બારણાની ડાબી બાજુમાં કૂઈ, કૂઈમાંથી પાણી ખેંચી સ્નાન કર્યું. ભસ્મ લગાવી અંદર ગયા. અંદર જઈને શું જોયું?

આખો રૂમ સાધુસંતોથી ખીચોખીચ ભરાયો હતો. બધા જ પાંચ મણથી વધુ વજનવાળા સિદ્ધપુરુષો હતા. હું અંદર જઈને પગે લાગ્યો એટલે એક બાવાના વેશમાં બેઠેલા સિદ્ધપુરુષે કહ્યુંઃ “તમારો જન્મ સંસાર પૂરતો નથી થયો. અમે તિબેટના મહાત્માઓ છીએ. વિશ્વમાં ધર્મવ્યવસ્થા જાળવીએ છીએ. જેની જ્યાં જરૂર પડે ત્યાં તેને મોકલીએ છીએ.”

બસ! આંખ ખૂલી ગઈ.

સ્વપ્ન દ્વારા દીક્ષા અપાતી હોય છે, સ્વપ્ન દ્વારા ભાવિ સંકેત અપાતા હોય છે. એટલે બધાં સ્વપ્ન હસી કાઢવા જેવાં નથી હોતાં.

નિયતિ એના વિધાન મુજબ સોગટાં ગોઠવ્યે જતી હતી અને ધીમે ધીમે બચુભાઈને જીવનનાં સુખદુઃખના અનુભવ કરાવ્યે જતી હતી. ગામડામાં મધ્યમવર્ગની સ્થિતિવાળું કુટુંબ હતું. કાપડની દુકાન, પાન-બીડીની દુકાન, દોરી રંગવાનું કામ- બધું જ કરતા હતા. ‘નેક કમાઈ કરલે ભાઈ! ઈસમેં સબ કુછ આઈ’નો એકડો ઘૂંટાતો હતો. પિતાશ્રી કર્મકાંડી હતા. ધર્મગ્રંથો વાંચવા, યજ્ઞયાગાદિમાં જવું અને ગામમાં યજમાનોનું ગોરપદું પણ એ સંભાળતા.

૧૮ વર્ષની ઉંમરે બચુભાઈએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. અંબાજીની બાધાને કારણે જન્મેલાં શ્રી મધુબહેન સાથે લગ્ન થયાં. પાંચ ભાઈની એક બહેન. પાંચ પુત્ર સંતાન થયા એટલે પિતાને પુત્રીની ઝંખના જાગી અને મા અંબાજીની બાધા રાખી. પિતાની બાધા ફળી અને ઘરે કન્યારત્ન જન્મ્યું. તે જ મધુબહેન.

શ્રી બચુભાઈ અને મધુબહેનનું દાંપત્યજીવન સુખદુઃખની લહેરખી અનુભવતું આગળ વધ્યું. લગ્ન પહેલાં જ સિનેમા નહિ જોવાનું વ્રત ૧૬ વર્ષની ઉંમરે લીધેલું. હનુમાનપ્રસાદ પોદ્દારનો લેખ ‘સિનેમા-મનોરંજન યા વિનાશ કા સાધન’ વાંચ્યા પછી સિનેમાને તિલાંજલિ આપી દીધી. એ જ ઉંમરે કોઈ પણ પ્રકારનું વ્યસન નહિ. ૧૯ વર્ષ પછી એટલે કે લગ્ન પછીનાં બીજે વર્ષે જ ચામડું પહેરવાનું બંધ. ‘ચામડાની કરુણ કહાની’ વાંચી એટલે પગરખાં પહેરવાનાં છોડી દીધાં. શરૂઆતમાં પાંચ વર્ષ ખુલ્લા પગે ફર્યા અને પછી કૅન્વાસના બૂટ સ્વીકાર્યા.

જીવનને કપરા સંજોગથી ઘડવાનું ભગવાને વિચાર્યું હોય એમ એક પછી એક એવા બનાવો બનતા ગયા. પોતાની વહાલસોઈ બહેનનું આકસ્મિક કરુણ અવસાન થયું. બે વર્ષની પુત્રી કોકિલા

અને સાડા આઠ માસના પુત્ર નવીનને શ્રી ભાઈના હાથમાં સોંપી બહેને ચિર વિદાય લીધી. બહેનના મૃત્યુની ઘેરી અસર થઈ.

ભાણા-ભાણીને લીંચ રાખ્યા. બસ! વાળ ઓળવાના બંધ કર્યા. વાળ કઢાવી નાંખ્યા અને પછી ઓળવા પડે એટલા વધવા દીધા જ નહિ. બહેનના મૃત્યુ પહેલાં પણ વાળ ઓળતા તો પાંથી તો પાડતા જ નહિ. ઊભા જ ઓળતા. યુવાનીમાં ત્રણેક વર્ષ સંગદોષે દુન્યવી જગતના આવેલા દોષને તાણી જવા માટે બહેનનું મૃત્યુ નિમિત્ત બન્યું અને જીવનને જબરો વળાંક મળ્યો.

સંત બનનારી વ્યક્તિનું જીવન ગુલાબની પથારી સમું નથી હોતું. પથ્થર શિલ્પીના ટાંકણા સહન કરે છે પછી જ મૂર્તિમાં રૂપાંતરિત થાય છે. મધ્યમ સ્થિતિ અને બહેનની વિદાયનું દુઃખ, વધેલી જવાબદારી અને ચિંતાનો સામનો કરતાં કરતાં પણ આધ્યાત્મિક માર્ગનાં સોપાન તો સર કરવાનું ચાલુ જ હતું.

આજ સુધીની સાધનાના પરિણામે ૧૮ વર્ષની ઉંમરે ગુરુમહારાજ મળ્યા. સને ૧૯૫૦ના સંવત ૨૦૦૬ના ચૈત્ર સુદ પાંચમને દિવસે ભોગીમામા સાથે નારેશ્વર ગયા. પૂ.શ્રીનાં દર્શન કર્યાં. બીજે દિવસે આંખ જોઈ અને બસ! ગુરુમહારાજમાં ખોવાઈ ગયા.

પૂ.શ્રી તરફ મન વળી ગયું. પૂ.શ્રીનું એવું ઘેલું લાગ્યું કે સંસારમાં રહેવા છતાં મન ગુરુજી પાસે ફરવા લાગ્યું. ધીરે ધીરે ઘરમાં પણ બધાંને રંગનો રંગ લાગવા લાગ્યો.

ભરતભાઈના જન્મ વખતે મધુબહેને ૩૧ દિવસ સુધી સંકીર્તનના રોજ ૧૬ પાઠ કરેલા. જન્મ પહેલાં વાસદમાં રહેતાં મધુબહેનને એક ડોસાએ આવા આશીર્વાદ આપ્યા કે "બહેન! ચિંતા કરીશ નહિ. તને દીકરો આવશે." કોણ હશે આ વૃદ્ધ પુરુષ? શોધ કરી પણ જડ્યા જ નહીં અને કંઈ લીધું પણ ન હતું. મંજુબહેનના જન્મ વખતે છેલ્લા બે મહિના સંકીર્તનના રોજ ૧૬ પાઠ કરતા. રંગભક્તિમાં ડૂબી જઈને જીવનવ્યવહાર ચલાવીએ તો એ પણ ભક્તિ જ બનેને!

ભરત, જગદીશ અને રાધેશ્યામ એ ત્રણ પુત્રો અને મંજુલા તેમ જ રંજન એ બે દીકરી. ત્રણે પુત્રનાં લગ્ન થયાં એટલે ત્રણ પુત્રવધૂઓઃ સૌ. ઈન્દિરા, રેખા અને નીતા.

શ્રી પ્રેમ અવધૂતજીને જોઈએ એટલે સમર્થ ગોદડિયા મહારાજ સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ ગોરધનભાઈ લલ્લુભાઈ યાદ આવે. ગોરધનભાઈ ડેપ્યુટી કલેક્ટર, ગૃહસ્થી, પત્ની, પુત્ર સાથે

માંડેલો પરિવાર પણ ખરો અને છતાં આવા ગૃહસ્થી સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ બન્યા. 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ' તે આનું નામ. આપણા ઘણા ઋષિઓ પરિણીત છે ને સંતાનવાળા પણ છે. અને છતાં કોનામાં આધ્યાત્મિકતાની ઊણપ દેખાય છે?

ગુરુમહારાજ સ્થૂળ દેહે ઉપસ્થિત હતા ત્યારે બચુભાઈએ ૧૯૫૦ થી ૧૯૬૮ સુધી સેવાધર્મ સ્વીકાર્યો. એમની સેવાસૂઝ અને ગુરુનિષ્ઠાની વાતોથી આપણે સુપરિચિત છીએ. ગુરુમહારાજની સેવા એવી સૂક્ષ્મતાથી કરી કે ગુરુમહારાજ પણ મન મૂકીને એમના પર વરસ્યા. બાપજી લીંચમાં કુલ ચાર વાર આવ્યા. પહેલી વાર ભોગીમામાના ખેતરમાં કુટીરમાં રહ્યા અને પછી છેવટ સુધી બચુભાઈના ખેતરમાં કુટીરમાં રહ્યા. આજની અવધૂત કુટીર એ જ બાપજીનું વિશ્રામ કરવાનું સ્થાન. લીંચ તો **મિનિ નારેશ્વર. લીંચ તો દિવ્યોત્તમ ધામ થશે** અને **ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ** એવું કહેનાર ગુરુમહારાજે હરિદ્વારમાં જઈ તા. ૧૯-૧૧-૧૯૬૮ને કારતકી ચતુર્દશીયુત અમાવસ્યાને દિવસે દેહલીલા સંકેલી લીધી.

હરિદ્વાર જતાં સાબરમતીમાં બાપજીએ "હું લીંચ આવીશ" એમ કહેલું અને પછી બ્રહ્મલીન થયાના સમાચાર સાંભળતાં જ

અન્ન છોડી દીધું. લીંચથી નારેશ્વર જવા નીકળ્યા તો પાણી પણ પીધું નહીં. રાત્રે ચાર વાગ્યે લીંચથી નીકળ્યા અને પહોંચ્યા બપોરે ૧ વાગ્યે. બાપજીના દેહને અગ્નિસંસ્કાર કર્યા પછી રાત્રે ૪ વાગ્યે નર્મદામાં નાહવા ગયા ત્યારે જલપાન કર્યું.

નારેશ્વરથી લીંચ પરત થયા. ઉદાસીનતા અને આર્તભાવથી ઘેરાયેલા રહ્યા. ગુરુમહારાજ માઉલીના જવાથી નોંધારા થવાની લાગણી હૃદયમાં સતત ઊભરાતી રહી. "આવીશ કહીને કેમ ન આવ્યા?" આ એક જ રટણ. મને છેતર્યો કેમ? મારી સાથે જૂઠું કેમ બોલ્યા? ૨૪ કલાક આ જ વિચાર, એ જ રટણ. બાપજી સાથે રિસાયા. હઠ પકડી. 'બાલહઠ અતિ આકરી' જેવું થયું. ગુરુમહારાજે ૧૮મા દિવસે દૃષ્ટાંત આપ્યો. ૧૨૨-૧૨૨ બાપજીએ કહ્યું એટલે '૧૨૨મા અધ્યાયનો ૧૨૨મો દોહરો વાંચ.' આજ્ઞા પ્રમાણે દોહરો વાંચ્યો તો દોહરો આ પ્રમાણે હતોઃ

"કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તો યે સર્વાંતર વિશે રહે નિત્ય એ ધીર."

બસ! હૃદયાશ્વાસન મળી ગયું અને પછી જીવનને વળાંક મળી ગયો. પૂ.શ્રી ૧૯૬૮માં બ્રહ્મલીન થયા અને બચુભાઈને

૧૯૮૧માં પ્રેમ અવધૂતજી તરીકેનું નામાભિધાન મળ્યું એ અરસામાં જીવનપ્રવાહ સત્ત્વશીલ અને સેવા-મમતા-પ્રેમભર્યો જ. સામા પર પ્રેમવર્ષા કરવાની ગજબની વૃત્તિ. બે-ચાર પ્રસંગો નોંધ્યા વિના રહી શકતો નથી.

ગામમાં એક બહુરૂપી આવ્યો. ઘણા દિવસો સુધી બહુરૂપીના ખેલ કર્યા. ત્યાં એની તબિયત બગડી. બહુરૂપી તો આખા ગામનો અને છતાં કોઈનો જ નહિ. હવે એમની સેવા કોણ કરે? મુ. બચુભાઈએ તેને માટે બધી જ વ્યવસ્થા કરી અને અંતકાળ સાચવ્યો. એમનાં શાંતાબાએ છેલ્લે ગંગાજળ મૂક્યું. મુ. બચુભાઈએ અગ્નિસંસ્કાર કર્યો.

લીંચના એક ગરીબ બહેન! બીડી પીવાની ટેવ પડેલી. બીડીના પૈસા માટે મુ. બચુભાઈના ખેતરમાં કાલાની ચોરી કરવા પેઠાં. કાલાં ચોરીને નીકળવા જાય ત્યાં જ રખેવાળે પકડ્યાં. કાલાં લઈ લીધાં. બીજે દિવસે મુ. બચુભાઈને વાત કરી. મુ. બચુભાઈએ આજ દિન સુધી ચોરી કરવાનો ઠપકો તો નથી જ આપ્યો પણ એ ચોરી કરતાં પકડાયાં છે એ વાત પોતે જાણે છે એ વાત પણ જાણવા દીધી નથી. હજી આજે પણ એની કાળજી લે છે કે જેથી ચોરી

કરવાનું મન થાય જ નહિ. કેવું માનવતાભર્યું વર્તન! કેવી મહાનતા!

ઉનાળાની સખત ગરમીના દિવસોમાં લીંચથી અમદાવાદ કામે ગયેલા. પાંચકૂવા પાસેથી પસાર થતા હતા ત્યાં જ એક ફકીરનો દર્દભર્યો અવાજ કાને પડ્યોઃ "હૈ કોઈ અલ્લાકે નામ પર પાની પિલાનેવાલા?" અવાજમાં નરી આજીજી અને આર્તતા હતી. મુ. બચુભાઈ થોડા આગળ ગયા ત્યાં ફરી પાછો એ જ અવાજ કાને પડ્યો. અને હૈયું હાથમાં ન રહ્યું. પોતાને કામની ઉતાવળ હતી તોપણ પાછા ફર્યા. પાસે જઈને પૂછ્યું તો એ ફકીરે પાસે કોઈ નળ હશે ત્યાંથી પાણી લાવવા કહ્યું. મુ. બચુભાઈએ ફકીરને પાણી લાવી આપ્યું અને ફકીર પણ પાણી પીતાં પીતાં બોલ્યો, "અલ્લા તેરા ભલા કરેગા." હૃદયના ઊંડાણમાંથી મળતા આશીર્વાદ ન ફળે તો શું ફળે? અને આવા તો કેટકેટલાના આશીર્વાદો એ મેળવી ચૂક્યા હતા.

માનવસંબંધોમાં જ આવી પરોપકારી વૃત્તિ હતી એવું નહિ. દયાભાવ તો એવો સૂક્ષ્મ કે એને સમજવો પણ મુશ્કેલ. પોતાની જમીનમાં ૧૯૬૬માં જવનો પાક તૈયાર થતો હતો ત્યાં એમાં જીવાત પડી. બધાના જ ખેતરમાં જીવાત પડેલી અને બધાએ જ જીવડાં

મારવાની દવા છાંટી. પણ મુ. બચુભાઈએ કહ્યું કે મારે જીવડાંને મારીને પાક નથી લેવો. જીવડાં મારવાની દવા જીવડા ન પડે એટલા માટે છાંટવી એ ઠીક છે પણ જીવડાં મારવા માટે તો ન જ છંટાય. બસ! દવા ના છાંટી તે ના જ છાંટી! ખેતી કરવાનું પહેલું જ વર્ષ. ભગવાન પણ જાણે એમની કસોટી કરવા પૂરતા જ આવ્યા હોય તેમ મુ. બચુભાઈ કસોટીમાં પાસ થવાથી પાક ખૂબ જ સરસ તૈયાર થયો.

પહેલેથી જ અજાતશત્રુ. રિસાયેલાને પણ સામે ચાલીને બોલાવે. હજી આજે પણ પ્રેમભર્યો વ્યવહાર અકબંધ જાળવે. બહારથી એમનું વર્તન મૂલવવા જઈએ તો થાપ ખાઈ જવાય. સૂક્ષ્મતા ખૂબ જ.

૧૯૮૧માં મુ. બચુભાઈને આપણે પૂ. પ્રેમ અવધૂતજીના નામે ઓળખવા માંડ્યા પછીની વાતો તો બધા જાણતા થયા છે અને એટલે એ વાતો દોહરાવતો નથી. “**સેવા સૌરભ**”ની વાતો એમનું ચિંતન દર્શાવે છે અને આ “**સેવાતપ ફલિતાર**” સ્મરણિકાની સામગ્રી એમના વિશે લોકોને થયેલી અનુભૂતિ, લોકોનો એમના તરફનો ભાવ, શ્રદ્ધા દર્શાવે છે.

હું તો એમની ઘણી નજીક રહ્યો છું એટલે કોઈ એમને ગમે તે નામે સંબોધે પણ મારે મન તો એ પહેલાં બાપજીના પરમ ભક્ત હતા અને હવે અમારા 'બાપજી' જ છે.

## અવધૂત કુટિર, લીંચની પાર્શ્વભૂમિકા

મારા બાપુજીની અંતઃકરણના સાચા ભાવથી કરેલી સેવાના બદલામાં મળેલા આ ખેતરનો ઉપયોગ ભગવાન રંગાવધૂતજીની કુટિર તરીકે થયો. પિતાએ વારસામાં મને કેવળ ખેતર ન આપ્યું પણ સાથે સાથે નિઃસ્વાર્થ સેવા કરવાની વૃત્તિ મારામાં જગાવી દીધી. આ જ ધરતી પર મારી સેવા સ્વીકારવા માટે સાક્ષાત્ ભગવાન રંગાવધૂતજી પધાર્યા ત્યારે પિતાજીની નિઃસ્વાર્થ સેવાનું અપૂર્વ ફળ મને મળ્યું. પ.પૂ. રંગાવધૂતજી નારેશ્વરથી દ્વારકા રંગજયંતી કરીને લીંચ પધાર્યા ને સેવા જોઈને ખૂબ પ્રસન્ન ને લીંચને ડાકોરની ઉપમા આપી.

ઈ.સ. ૧૯૬૨માં દ્વારિકાથી લીંચ પધારેલા ત્યારે અવધૂત કુટિરમાં બનાવેલી ગુફા જોઈને બોલ્યા કે તું બોડાણાની માફક મંતર

માર કે હવે મારે અહીંથી ક્યાંય જવું ન પડે. મેં કહ્યુંઃ બાપજી! મારા અંતરમાં શું છે તે આપ જાણો જ છો! બાપજીએ તરત જ કહ્યુંઃ હા, મને ખબર જ છે! એમ કહીને સીડીના પગથિયા ચડવા લાગ્યા. અમારી લીંચની સેવાથી એટલા બધા પ્રસન્ન થયા કે અંગત માણસોને જાહેર કરતાં કહ્યું હતું કે જો ગુજરાતમાં શરીર છોડીશ તો લીંચમાં જ છોડીશ અને એમ પણ કહ્યું હતું કે મારી છેલ્લી સેવા લીંચમાં જ થશે.

બાપજી ૧૯૬૨માં લીંચમાં આઠ દિવસ રોકાયા. ખૂબ પ્રસન્ન થયા. દત્તજયંતી કરીને જવાના હતા પરંતુ કાશીબેન આફ્રિકાવાળા આવ્યા અને દુરાગ્રહ કરીને નડિયાદ દત્તજયંતી માટે લઈ ગયા. એ સમયે ચીન અને ભારત વચ્ચે લડાઈ ચાલતી હતી. આ કારણે દત્તજયંતીનો ઉત્સવ ના થાય તેથી ખીચડી-કઢી કરી સાદાઈથી દત્તજયંતી ઉજવવાનું નક્કી કર્યું. અને મન વગર (ન મને) નડિયાદ પધારી ગયા.

સને ૧૯૬૨માં સતાધારથી બીલખા અને બીલખાથી વિસાવદર ભિક્ષા લઈને વીરપુર ગયા. ત્યાંથી વિરમગામ સ્ટેશન માસ્તરને ત્યાં રાત રોકાઈ સવારે લીંચ પધાર્યા હતા. લીંચમાં એક

અઠવાડિયું એકલો સેવામાં હતો. આ પછી સને ૧૯૬૩માં કુંભારિયામાં મને એક મહિનો સાથે રાખ્યો. સેવામાં હું એકલો જ હતો. મારી સેવા જોઈને પ્રસન્ન થતા જ ગયા.

સને ૧૯૬૪માં દશેરાએ પૂ.શ્રીનો પક્ષઘાત (લકવો) થયો. આ વાતની મને ખબર ન હતી. પૂ. બાપજી આરામ માટે એક મહિનો અજમેર ગયા હતા. મને માસ્તરકાકાએ (જગજીવન માસ્તરે) લખેલું: "જગ્યા કહેવાની મનાઈ છે પણ તમારા સ્ટેશન આગળથી જ બાપજી ગયા છે અને તબિયત સારી નથી, પક્ષાઘાત છે." હું શિસ્તમાં માનું એટલે મનાઈ હોવાથી તપાસ ન કરી કે પૂ.શ્રી ક્યાં ગયા છે? તા. ૨૩/૧૨/૧૯૬૪ બુધવારે અજમેરથી પત્ર આવ્યો: "રવિવારે તેડવા આવી જાવ, આરામ માટે આવું છું."

આ પહેલા બાપજી સાથે રહેવાનો મોહ તથા શરીર પ્રત્યે દિવ્યાકર્ષણ પણ ખરું. મધ પર બેઠેલી માખી જેવું થયું હતું. માખી મધ પર બેસે પછી ઊડી જ ના શકે તેમ મારું મન પણ રંગ અવધૂત પાસેથી ખસતું જ ન હતું. પણ સંસારી જીવ, ધંધો-ખેતી વિગેરેની જવાબદારી એટલે પૂ.શ્રી સાથે રહેવાય નહીં. પૂ.શ્રી સાથે તનથી રહેવાનું શક્ય ન હતું એટલે મનથી રહેવાનું શરૂ કર્યું. માનસિક જોડાણ કર્યું. આ માનસિક જોડાણના પ્રતાપે બાપજી મને સંદેશો

આપતા અને પછી દૂરદર્શન પણ કરાવતા. તેમનું જે કાંઈ વિશિષ્ટ બન્યું હોય તે મને રાત્રે સ્વપ્નમાં દેખાય જ.

બાપજીએ શરીર છોડી દીધું પછી પણ હજી સમાચાર તો આપે જ છે. બાપજી જેવા બ્રહ્મનિષ્ઠો શરીર છોડે છે પણ તેમની ચેતના અહીં પરમતત્ત્વ સાથે એક થઈને સર્વમાં સમાઈ ગઈ હોય છે.

સને ૧૯૬૪ની ડિસેમ્બરની ર૭મીની રાત્રે અજમેરથી મહેસાણા થઈ ભાવનગર મેલમાં લીંચ સ્ટેશને ઉતારી ઘોડાગાડીમાં લીંચ કુટિર પર લાવ્યા. ઓગણીસ દિવસ રહ્યા. તબિયત ઘણી જ સારી થઈ. બાપજી એવું બોલતા કે “બચુભાઈની હોસ્પિટલ આવ્યા છીએ, હવે એમણે જે કરવું હોય તે કરે.” કોઈ કહે કે “બાપજી! બચુભાઈનું ભલું થજો કે અમને આપના દર્શને લાવ્યા અને અમને આપનો લાભ મળ્યો ત્યારે કહે કે હજારોનું પુણ્ય હોય ત્યારે અવાય છે અને પરમાત્મા કોઈને નિમિત્ત બનાવે છે.” મારા મનમાં અભિમાન ન જાગે તે માટે એવું કહેલું.

૧૯૬૪-૬૫માં લીંચમાં આંબા નીચેની બેઠકમાં બેઠેલા તે વખતે લીંચની ત્રણ બ્રહ્મભટ્ટ (બારોટ) બેનોના નિમિત્તે લીંચનું નામ “નાનું નારેશ્વર” પાડેલું.

સને ૧૯૬૫ની ૧૪મી જાન્યુઆરી ને ગુરુવારે ઉત્તરાયણ કરી પતંગ ઉડાડ્યો. ગાયોને ઘાસ, ગરીબોને અનાજ તથા બાળકોને સ્લેટ-પેન વગેરે વહેંચ્યું. ૧૫મી જાન્યુઆરીને શુક્રવારે રાણાપુર ગયા. એ દિવસે કુટિરેથી નીકળતાં બાપજીએ ભોગીમામાને કહ્યું કે આ સ્થાન દિવ્ય છે ઉત્તરોત્તર દિવ્યોત્તમ થશે. વધુ તો શું લખાય? એ તો અંતર્યામી છે.

જ્યારે જ્યારે બાપજીને ઢીંચણે વા આવ્યો હોય, મૌન હોય અને માસ્તર કે મોદીકાકાનું કંઈક ખોટકાઈ ગયું હોય ત્યારે કુદરતી રીતે જ મારે નારેશ્વર જવાનું થતું અને ત્યારે મને અંગત સેવામાં રાખતા.

સને ૧૯૬૬ની કાનની બિમારી વખતે પણ હું તેર (૧૩) દિવસ શાંતિનિકુંજમાં બાપજીની સેવામાં હતો. બંને જણ મટકું ય માર્યા વિના આખી રાત અને દિવસ જાગતા. પૂ.માજીને રોજ કેઃ “હું ઊંઘતો નથી ને આને ઊંઘવા દેતો પણ નથી.” માસ્તર (જગજીવનદાસ ગાંધી)ને લુખસ થયેલી. એટલે આવે ખરા પણ કોઈ વસ્તુને અડકવાનું નહિ. પરિણામે બધી જ જવાબદારી મારી રહેતી.

કુટુંબ સાથે નારેશ્વરમાં મહિનો રહેવાય એ રીતે જતો. મારા માતુશ્રી પૂ.માજીની સેવામાં અઢી (૨ ૧/૨) વર્ષ રહેલાં. બ્રાહ્મણ હોવાથી છેલ્લે નર્મદાજળ એમણે પાયેલું. તેમજ છેલ્લામાં છેલ્લું નર્મદાજળ બાપજીએ પૂ.માજીના મોંમાં મૂકેલું. મારી બાની સેવાથી બાપજી ઘણા જ પ્રસન્ન હતા. મારા પર બાપજીની કૃપા હોવાનું એક કારણ મારા માતુશ્રીએ પૂ.માજીની કરેલી સેવા પણ ખરી.

પૂ.માજી બ્રહ્મલીન થયા પછી બાપજી માજીની ઉત્તરક્રિયા કરવા માટે મોરટક્કા ગયા. ઉત્તરક્રિયા કર્યા પછી બાપજી નૈમિષારણ્ય, બ્રહ્માવર્ત વગેરે સ્થળોએ રોકાઈને સને ૧૯૬૭ના એટલે કે સંવત ૨૦૨૩ના ભાદરવા વદ તેરસને દિવસે બાપજી લીંચ પધારેલા. આ વખતે બાપજી બાવીસ દિવસ રહ્યા હતા. લીંચથી જ કાશીબેનના આગ્રહને કારણે આફ્રિકા પધારેલા. લીંચના બાવીસ દિવસના મુકામ દરમ્યાન મને કહે કે હવે હું લીંચ જ રહેવાનો છું. કોઈ બોલાવે તો તું અને હું જઈને લીંચ પાછા આવી જઈશું. નારેશ્વર એક મહિનો જવાનું અને ફરતા ફરતા લીંચ પાછા આવી જવાનું એમ કહેતા.

આફ્રિકાથી પાછા વળતાં લીંચ આવું છું એમ કહેલું. લીંચ આવવાનું નક્કી કરવા માટે મને વડોદરા અલકાપુરી બોલાવ્યો. પછી પોર બોલાવ્યો અને છેલ્લે આસો સુદ બારસના રોજ નારેશ્વર

બોલાવ્યો. પૂ.માજીની તિથિનો હિસાબ સોંપ્યો અને આસો સુદ ચૌદસના રોજ હું લીંચ ગયો.

શરદપૂર્ણિમાના રોજ ગ્રહણ હોવાથી પૂ.બાપજી ગ્રહણનું સ્નાન કરીને મળસ્કે રબર ટાયરની ગાડીમાં બેસી નારેશ્વર રોડ સ્ટેશને ગયા. ત્યાંથી શિવાભાઈ વૈદ્યની સાથે નડિયાદ ગયા. મને બાપજીએ દિવાળી પહેલા લીંચ આવવાનું ગોઠવવા માટે બોલાવેલો એટલે હું નડિયાદ ગયેલો. નડિયાદથી અરેર થઈને કપડવંજ ગયા. મને એમણે કારતક સુદ ચોથ ને શુક્રવારે કપડવંજ બોલાવ્યો હતો કારણ કે બાપજીનું લીંચ જવાનું બંધ રહ્યું હતું. એટલે બાપજીની બધી વસ્તુઓ લઈને કપડવંજ પહોંચી ગયો. ત્યાં જઈને બધી વસ્તુઓ મેં સુમનભાઈને આપી એટલે તરત જ બાપજી બોલ્યાઃ પેલુ આંબળાનું ચાટણ-ચ્યવનપ્રાશ છે તે તું સાબરમતી આવે ત્યારે લેતો આવજે. મેં બાપજીને તરત જ કહ્યું કે એ તો હું સાથે જ લાવ્યો છું. આ સાંભળી બાપજી ખૂબ પ્રસન્ન થયા અને સુમનભાઈને કહેઃ “ગુરુના મનમાં જે આવે ને કરે તે પ્રથમ કક્ષાનો શિષ્ય, ગુરુ કહે તે કરે એ બીજી કક્ષાનો શિષ્ય અને ગુરુ કહે તે થર્ડ કલાસ.” આ વાત પાછળથી સુમનભાઈએ મને કહી હતી. પછી મેં કહ્યુંઃ “બાપજી! લીંચમાં તો આપ પધારો છો તેવું વાતાવરણ અને તૈયારી

છે. રોજ પાણી ભરીને પણ મૂકીએ છીએ” એટલે કહે કે “એક દિવસ માટે લીંચ આવું તો ટીચામણી થાય એટલે તમે બધાં લીંચથી સાબરમતી તમારી બેનના ઘરે આવો. ત્યાં રાત રોકાઈ જજો. મારો આપેલો વાયદો પણ પૂરો થાય અને ટીચામણી પણ ન થાય.” “કરિષ્યે વચનમ્ તવ”માં માનનારો હું, “જે કહે તે મંજૂર!” કહીને ગયો. બાપજી માટે તૈયાર કરેલી બધી જ વસ્તુઓ લીંચથી લઈને પચાસ (૫૦) માણસો લીંચથી નીકળ્યા. રાત સાથે રહ્યા અને સવારે લકઝરી બસમાં બાપજીની સાથે બેસીને વિમાનઘર (Airport) પર ગયા. બાપજીને વિમાનમાં મૂકીને પાછા લીંચ પહોંચી ગયા. બીજે દિવસે રંગજયંતી ઉજવેલી.

સંવત ૨૦૨૫ની કારતક સુદ સાતમ ને રવિવારના રોજ બાપજી કપડવંજથી નડિયાદ થઈ સાંજે સાબરમતી આવ્યા. બીજે દિવસે એટલે કે આઠમના રોજ સોમવારે જયપુર ગયા અને મંગળવારે કારતક સુદ નોમના રોજ જયપુરમાં ૭૧મી રંગજયંતી ઉજવી. જયપુરથી દિલ્હી ગયા અને ત્યાંથી હરિદ્વાર ગયા. હરિદ્વાર તેર (૧૩) દિવસ રહ્યા અને કારતક વદ ચૌદશ ને મંગળવારના રોજ લીલા સંકેલી લીધી.

બિમાર પડીશ તો લીંચ આવીશ એવો મને વાયદો કર્યો હતો. વાયદો કરીને ન આવ્યા એનું મને ભારે ખોટું લાગ્યું અને હું રિસાયો. રિસ એવી કે મને જવાબ આપો. આવીશ કહીને કેમ ન આવ્યા? ખાવાનું છોડી દીધું. લીંબુનું પાણી અને એમાં મધ લેતો. કોઈક વાર ગોળનું પાણી લેતો. આ રીતે અઢાર દિવસના ઉપવાસ થયા. અઢારમે દિવસે રાત્રે અઢી વાગે સ્વપ્ન કે જાગ્રત કે તંદ્રામાં આવીને- એકલો લંગોટ પહેરીને તે બારણામાં ઊભા રહ્યા અને બોલ્યાઃ "લીંચમાં શરીર છોડવાનું એટલે પ્રાણ પૂરવાનો હોય, હાડકાં પાડવાનાં નહીં. જે મેં પ્રાણ તો પૂર્યો જ છે." એકસો બાવીસ (૧૨૨) એકસો બાવીસ (૧૨૨) બોલ્યા અને મારી આંખ ખૂલી ગઈ.

આંખ ખૂલતાં જ જોયું તો રાત્રિના અઢી વાગ્યા હતાં. જાગીને બેઠો થયો અને વિચાર્યું કે શ્રીગુરુલીલામૃતના એકસો બાવીસમા અધ્યાયનો એકસો બાવીસમો દોહરો વાંચવાનું સૂચન છે. રાત્રે હાથ-પગ ધોઈને શ્રીગુરુલીલામૃત લીધું. એકસો બાવીસમા અધ્યાયનો એકસો બાવીસમો દોહરો વાંચ્યો.

દોહરો હતોઃ

"કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોયે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર."

તે પછી આગળ જે બાપજીના ભાખેલા ભવિષ્ય મુજબ બને છે તે સર્વ સર્વને વિદિત જ છે. માટે લખવું અસ્થાને છે.

બાપજી લીંચ કુલ ચાર વખત પધારેલા. એક વખત ભોગીમામાના ખેતરમાં અને ત્રણ વખત કુટિરે. બધુ થઈને કુલ પર (બાવન) દિવસ રહેલા. સંવત ૨૦૧૭માં આગળની કુટિર બનાવી અને સંવત ૨૦૧૯માં બાપજી દ્વારિકાથી રંગજયંતી કરીને લીંચ પધારેલા. સંવત ૨૦૨૧માં એટલે કે ઈ.સ. ૧૯૬૪-૬૫માં અજમેરથી આરામ કરવા પધારેલા. તે વખતે ૧૮ દિવસ રહેલા ને ત્યાંથી રાણપુર પધારેલા. સંવત ૨૦૨૩માં મોરટક્કા માજીની ઉત્તરક્રિયા કરી નૈમિષારણ્ય અને બ્રહ્માવર્ત થઈ લીંચ પધારેલા. તે વખતે ૨૨ દિવસ રહેલા. એટલે કે ૪ + ૮ + ૧૮ + ૨૨ = કુલ પર દિવસ રહેલા.

ઈ.સ. ૧૯૫૭માં સંવત ૨૦૧૪માં લીંચ પધારેલા ત્યારે માગસર વદ ૧૦ (દશમ)ને સોમવારે લીંચ મારે ઘરે પધારેલા ત્યારે અનાજ, ગાયોને ઘાસ, કબૂતરોને જુવાર, દીકરીઓ દ્વારા સ્વાગત-તેમને પ્રસાદી, ગરીબોને કાપડ વગેરે આપેલું. બાપજી ખૂબ પ્રસન્ન થયેલા. ત્યાંથી સીધા જ ડૉ. રતિભાઈને ત્યાં ગયેલા.

બાપજી આગળની કુટિરમાં વધુ રહેલા, જે તેમને ખૂબ જ ગમતી હતી. જૂની કુટિર, ખુલ્લુ બાથરૂમ હાલ છે તેનો ઉપયોગ કરતા. બાપજી આવતા ત્યારે તેમનું રસોડું, અમારે રહેવાનું અને સામાન મૂકવાનું કંતાનથી બાંધતા. કુટિરની પાછળ સો ફૂટ દૂર કંતાનનું સુંદર જાજરૂ બનાવતા, તેમાં બાપજી જતા હતા. ત્યાં અમે અગરબત્તી કરતા ને  સ્વચ્છતા રાખતા. બાપજીને સ્વચ્છતા બહુ જ ગમતી. અમે જાજરૂ જાતે જ સાફ કરતા હતા. જાજરૂમાં અગરબત્તી કરેલી જોઈને મને પૂછ્યુંઃ “જાજરૂમાં ય અગરબત્તી કરી છે?” મેં કહ્યુંઃ “બાપજી! અમારા માટે તો આ પણ મંદિર છે.” અત્યારે પણ પાછળની નવી કુટિરે રોજ જાજરૂમાં પુષ્પ-ફૂલ મૂકીએ છીએ. રૂમાલ, લંગોટ, પીવાનું પાણી, આંખ ધોવાનું ત્રિફળાનું પાણી વગેરે રોજ મૂકાય છે. સવાર-સાંજ પ્રાર્થના થાય છે.

રંગજયંતી, પુણ્યતિથિ, શ્રીદત્તજયંતી, મહાશિવરાત્રી-મારા બાપુજીની તિથિ અને ગુરુપૂર્ણિમાના પાંચ ઉત્સવ થાય છે. સંવત ૨૦૨૩માં બાપજી લીંચથી આફ્રિકા ગયેલા તે વખતે હાલ જે સ્મૃતિસંગ્રહની રૂમ છે તેમાં મૂકેલી બધી જ વસ્તુઓ બાપજીએ એવું કહીને રાખેલી કે હું આવીશ એટલે વાપરવા થશે.

શાહીબાગ, અમદાવાદ રેલવે ફાટકની પાસે લાંઘણજવાળા ચંદુભાઈ રાવલ પાદુકા લાવેલા તે બાપજીએ મને આફ્રિકા જતા લીંચ મૂકવા (રાખવા) આપેલી, જે હાલ નવી કુટિરમાં છે. નવી કુટિરની ઉપરની રૂમ પાછળથી બનાવેલી એટલે ઉપરની રૂમમાં શું મૂકવું તે વિચાર આવ્યો ને જાણે બાપજી કહે કે "નાનું નારેશ્વર" નામ મેં પાડ્યું છે તો નારેશ્વરની પ્રતિકૃતિ બનાવીને દર્શનમાં મૂકવી. તે મોડેલ લીંચના રમણભાઈ સુથાર અને તેમના સ્નેહીઓએ બનાવ્યું છે.

કુટિરે ઔદુંબર છે તે પૂ.બાપજીએ ૧૯૬૫ની ૧૫મી જાન્યુઆરીને શુક્રવારે સવારે નવ વાગે રાણપુર જતાં જલસિંચન કરેલું. ઔદુંબરની જોડે પીપળો છે તે મારા બાપુજીની અને તુલસી છે તે મારા માતુશ્રીની સ્મૃતિમાં રોપેલ છે. તે બંનેને અગ્નિદાહ ત્યાં આપેલો હતા. રોજ બધાની પૂજા અમારા બાળકો કરે છે. નવી કુટિરની સામેની જે બે રૂમ છે તે પ્રસાદ વિગેરે મૂકવા માટેની છે. જે આંબા નીચે બેઠક છે તે આંબો મારા બાપુજીએ વિ.સં. ૧૯૯૩ સને ૧૯૩૭માં રોપેલો. જેને બાપુજી, હું અને મારી બેન પાણી પાતા. બીજા આંબા હતા પણ આ જ આંબો હવે રહ્યો છે.

ઈ.સ. ૧૯૬૫માં સાંજે પાંચ વાગે બાપજી આંબા નીચે બેઠક પર બેઠેલા હતા. દર્શન કરવા માટે લોકોની લાઈનો લાગેલી. એક તરફ પુરુષો બેસે અને બીજી તરફ બહેનો બેસે. તેવામાં લીંચની ત્રણ બ્રહ્મભટ્ટ (બારોટ) બહેનો દર્શને આવી. ઉંમર ૭૫ વર્ષ ઉપર હશે. નામ બઈબાફોઈ, સમજુફોઈ અને ઝેક્વોરમા. ત્રણેય સાથે દર્શને આવ્યા. શિયાળાનો દિવસ એટલે આંબા નીચે સહેજ અંધારુ થઈ ગયેલું. ત્રણેયને બાપજીના મુખના દર્શન થાય એટલે નજીક આવ્યાં પણ ઉંમરલાયક બહેનો એટલે આંખે ઓછું દેખાય. ગામડાનું ભોળપણ, નિખાલસતા અને સરલતા એટલે બાપજી આગળ શી રીતે અને કેવું બોલાય તે ખબર જ નહીં! ત્રણેય સહજતાથી બોલ્યાંઃ "બાપજી! તમારું મોઢું તો દેખાતું નથી તો જરા આઘા આવો ને!" બાપજી પણ એટલી જ સહજતાથી તેમનો ભોળપણનો શુદ્ધ ભાવ જોઈ ઓટલા પરથી સહેજ ખસીને આગળ આવ્યા. મોઢું ત્રણેય બહેનો તરફ કરીને માથું નજીક લઈ ગયા ને ત્રણેય બહેનો એકી સાથે બોલી, "હાશ બાપા! હવે તમારું મોઢું બરાબર દેખાયું!" બાપજીનું હૃદય ગામડાના લોકોની સરલતાનો ભાવ જોઈ દ્રવી ગયું. બાપજીની જમણી તરફ નજીક જ હું બેઠેલો હતો ત્યાં મારા તરફ જોઈને બાપજીએ મને કહ્યું, "જે લોકો પૈસા અને ઉંમરના કારણે નારેશ્વર ન જઈ શકે

તેના માટે આ નાનું નારેશ્વર. તેવા લોકો અહીં આવે તો તેમને નારેશ્વર જવાનું ફળ મળે."

જેવી રીતે કોઈ બદ્રિનારાયણ ન જઈ શકે તે નર્મદાકિનારે બદ્રિનારાયણની જગ્યાએ જઈને દર્શન કરે તો તેને બદ્રિનારાયણ જવાનું ફળ મળે. તેવી રીતે નારેશ્વર ન જઈ શકે તે લીંચ આવીને દર્શન કરે તેને નારેશ્વર જવાનું ફળ મળે. પછી બાપજી શાંત બેઠા.

બાપજીને પગે દુઃખાવાને કારણે જાજરૂમાં બેસવાની તકલીફ હતી. એટલે તેના માટે ફરતુ કમોડ છેક મોરટક્કા જઈને આપી આવેલો. તે કમોડ આફ્રિકા લઈ ગયા હતા. અને ત્યાંથી આવ્યા પછી મને લીંચ સ્મૃતિ માટે આપેલું, જે હાલ સ્મૃતિસંગ્રહમાં છે.

બાપજીને શરદપૂર્ણિમાએ ગોપાલ (ગોવાળીયા)નો વેશ સાંજે પહેરાવેલો. હાથમાં લાકડી પણ રાખેલી, જે તેઓ લીંચ સ્મૃતિમાં મૂકીને ગયા છે. બાપજી માટે મેં કોડીઓની ટોપી બનાવેલી તે બાપજીને પહેરાવી ત્યારે તેઓ બોલેલાઃ "અમારી કિંમત કોડી જેટલી જ બસ!" બધા હસી પડેલા. બાપજી જેટલા દિવસ લીંચ રહેતા તેટલા દિવસ આખા ગામમાં ઉત્સવ જેવું થતું. કુટિરની બહાર પ્રસાદ, ચા, નારિયેળ વિગેરેની દુકાનો લોકો બનાવતા. સવાર-સાંજ અડધો-અડધો કલાક

બાપજી ફરતા. કુટિરથી ચાલે ને મુખ્ય દરવાજા સુધી આવતા. ત્યાં આવીને કહેતા કે બાઉન્ડ્રી આ ગઈ, ચલો, ને હસી પડતા અને હસાવતા. રસ્તાની બંને બાજુ અગરબત્તીઓ રાખતા, તેથી સુંદર લાગતું હતું.

બાપજી ભિક્ષામાં ઘઉંની ભાખરી, મગની દાળ, શાકભાજી, દહીં, છાશ લેતા. મરચુ, હીંગ, ગળપણ વિગેરે લેતા ન હતા. સાદુ જીવન, સાદુ ભોજન, સાદાઈથી રહેતા હતા. સવારે દૂધ લેતા. બપોરે છાશ કે જે ફળનો રસ હોય તે લેતા. સાંજે દૂધ, ફ્રૂટ એવું જે મળે તે લેતા. જે હોય તેનાથી ચલાવી લેતા. અમુક જોઈએ જ તેવું ન હતું.

પૂ.બાપજીના લીંચના મુકામ દરમ્યાન અનેક વ્યક્તિઓએ સેવા આપી હતી.

# પ્રેમચાલીસા

એક અખંડ અનંત જે સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ-સ્મરણ-સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર **શ્રીરંગ-પ્રેમ**.

જય શ્રીરંગને શીશ નમાવી, પ્રેમચાલીસા પ્રેમે ગાવી.
રંગગુરુ-સેવક-ગુણ ગાથા, ગાતાં મળશે તનમન શાતા.
નામે લઘુતા ગુરુતા કામે, દેહ ધર્યો એણે લીંચ ગામે.
તાત કૃપાશંકર સંસ્કારી, માતા શાંતિ સુખ દેનારી.
રંગની આંખો જોવા કાજે, ગયા ભોગીમામાની સાથે.
નારેશ્વર જઈ દર્શન કરતાં, ભાવ હૃદયના ખુલ્લાં કરતાં.
આંખ તમારી જોવી મારે, રંગાજી પણ વાત સ્વીકારે.
“કાલે સ્ટેશન આવી જાજે, સવારે આંખના દર્શન થાશે.”
આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.
સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે.
૧૦.

સેવા ધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.
હરતાં ફરતાં રંગનું ચિંતન, તન, મન, ધન, સહુ રંગસમર્પણ.
રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.
રંગ, રંગ-સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.
લીંચમહીં ગુરુદેવ પધાર્યા, ભક્તોના હૈયા હરખાયા.
નારેશ્વર સમ ઉત્સવ થાયે, **પ્રેમ, કૃપા, શાંતિ** જ જણાએ.
“લીંચ જાણ મીની નારેશ્વર”, એવું બોલ્યા રંગ ગુરુવર.
‘દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં’ એમ રંગ વદે છે.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો.
પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી.

૨૦.

મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો.
ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા.
ગુરુને સેવ્યા, સેવે ગુરુ પણ, એવા સેવકને હો ધન-ધન.
સેવાવૃત્તિ અજબ ખીલાવી, ગુરુકૃપાની પામ્યા ચાવી.
હરિદ્વાર જાતાં કહી દીધું, ‘લીંચ જરૂર આવીશ’ એમ સીધું.

રંગ શરીર છોડે હરિદ્વારે, દુઃખ થયું સેવકને ભારે.
"આવીશ કહીને કેમ ન આવ્યા ?" બચુભાઈ તો હૈઠે ભરાયા.
દર્શન દઈ અવધૂત કહે છે, ગુરુલીલામૃત વાંચી લેજે.
એકસો બાવીસમો અધ્યાય, એકસો બાવીસ દોહરો ત્યાંય.
દોહરો વાંચતા શાંતિ થાયે, હૈયું, મન પણ બહુ હરખાયે.
૩૦.

રંગ હૃદય-મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે.
યાદ કરે અંતે અવધૂત, 'એને હું શું આપું મૂર્ત?'
અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.
**રંગ-કૃપા-શાંતિ**નો દૂત, સંભાળે જેને અવધૂત.
રંગ કરાવે પ્રેમ પ્રવાસ, પરદેશે ફેલાવે સુવાસ.
'થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો.'
રંગ કૃપાથી દુઃખ હરી લીધું, **હીર-ઋજુલ**ને જીવન દીધું.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી.
વિચાર ઊંચા, જીવન સાદું એવું જીવે સાચો સાધુ.
રંગ-પ્રેમમાં **કુલીન ગણુ** ડૂબી જાતાં પામે ઘણું.
૪૦.

ભાવ ભક્તિ શ્રદ્ધા થકી, રંગ-પ્રેમમાં ન્હાય,
ઘર-જીવન તીરથ બને, આનંદ મંગલ થાય.

યોગીવર રંગ અવધૂતકી જય, વિઠ્ઠલસુત પાંડુરંગ કી જય,
નારેશ્વરવાસી સંતકી જય, બોલો રે ભાઈ સદ્‌ગુરુ રંગકી જય.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# (૧)

# સૂક્તાંજલિ

રંગાવધૂત કૃપયા રંગપાદાબ્જ ભૃંગકાઃ ।
પ્રેમાવધૂતઃ પ્રેમાબ્ધિઃ સુખં જીવ્યાચ્છતં સમાઃ ॥

## પ્રેમાવધૂત ધ્યાનમ્

કાન્તં કૃશં સુતપસા ગુરુસેવનેન
દાન્તં સુદીર્ઘસિત કૂર્ચ વિરાજમાનમ્ ।
શાન્તં સુદીપ્ત નયનં સુવિશાલ ભાલમ્
પ્રેમાવધૂત ગુરુવર્યમહં નમામિ ॥ ૧ ॥

સેવાયાં ગુરુરઙ્ગરાજ ચરણે નીતં સ્વકીયં વયો
બુદ્ધં સદ્ગુરુ માનસં સ્વમનસા ગુર્વર્પિતેનેહ દ્રાક્ ।
સિક્તા ભક્તજનાઃ સ્વનેત્ર કરુણા તોયેન યેનાન્વહં
તં વન્દે સ્મિત શોભિતાસ્ય કમલં પ્રેમાવધૂતં ગુરુમ્ ॥ ૨ ॥

વડોદરા. - ડૉ. અરુણોદય ન. જાની

# (૨)

## સૂક્તિકુસુમાઞ્જલિઃ

પ્રેમમૂર્તે [1]નંદમૂર્તે ભવ્યમૂર્તે કૃપાનિધે।
    પ્રેમાવધૂત બ્રહ્મર્ષે રઙ્ગચિત્ત નમોઽસ્તુ તે ॥ ૧ ॥

ઇન્દુભાઇ દવેભ્રાતા સમાહૂતો ગતો નનુ।
    વિદેશં માસપર્યન્તં સરલો બાલવત્સદા ॥ ૨ ॥

ગત્વા વિદેશાન્ વિવિધપ્રદેશાન્ અમેરિકાદ્યાંસ્ત્વમગસ્તમાસે ।
દત્તપ્રભોર્ભક્તિ પસારકાર્યે ભવ્યં સુસંપાદ્ય સમાગતોઽસિ ॥૩॥

શ્રીદિનેશા ગૃહે ભવ્યો રમ્યો જન્મમહોત્સવઃ।
    વિદેશોઽપિ સુસંપન્નઃ સર્વમઙ્ગલકારકઃ ॥ ૪ ॥

તિથિમનુ વિદેશે તુ ભાદ્રપ્રતિપદિ નનુ।
    તારિકાયાં ત્રયોદશ્યાં દેશે જન્મમહોત્સવઃ ॥ ૫ ॥

કોનષષ્ટિતમે[2] વર્ષે પ્રવેશો ભક્તોઽધ્યવૈ।
    મહોત્સવઃ સુભાષસ્ય ગૃહેઽસ્તિ સર્વમઙ્ગલઃ ॥ ૬ ॥

---

૧. નંદમૂર્તે = આનંદમૂર્તે. ૨. કોનષષ્ટિતમે = એક-ઉન-ષષ્ટિતમે-એકોનષષ્ટિ = સાઠમાં એક ઓછા = ઓગણસાઠમાં.

प्रसन्नवदनेनैव समदृष्ट्या हि पश्यसि।
दर्शकान् यासि दृष्टवैव सौम्यमूर्ते सदा हृदा ॥ ७ ॥

लोककल्याणकर्ता हि त्यक्त सर्वैषणो भवान्।
दत्तभक्ति प्रसारार्थं जीवतु शरदां शतम् ॥ ८ ॥

- श्री रमणभाई ज. शुक्ल

## (૩)

## श्रीप्रेमवन्दनम् ।

यद् देहयष्टिं परमां च तुंगां
यष्टिं गृहीत्वा स्वकरे सुदीर्घाम्।
स्मृत्वा चरैव भ्रमणं करोति
प्रेमावधूतं प्रणतोऽस्मि नित्यम् ॥१॥

सज्जो हि पूर्वे गुरुसेवानार्थं
पश्चादपि क्षिप्रमु चोद्यतो यः।
रगे रगे रंगगुरुं वहन्तं
प्रेमावधूतं प्रणतोऽस्मि नित्यम् ॥२॥

કાયેન વાચા મનસા સદૈવ
હ્યુદ્‌બોધયન્ ભક્તિમખંડમૂર્દ્વામ્ ।
બુદ્ધં ચ શુદ્ધં વિનતં વરેણ્યં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૩॥
રંગસ્ય કાર્યં પરદેશમધ્યે
કૃત્વા ચ દત્ત્વા હિ વરં સદૈવ
સંવર્ધયન્તં ગુરુભક્તિમાર્ગં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૪॥
સર્વે સુધન્યા હિ વયં મિલિત્વા
પારાયણે યત્ કૃપયા પ્રવિષ્ટઃ
આલંબનં યેન તુ દત્તમિષ્ટં
પ્રેમાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥૫॥

પંચશ્લોકાત્મકં સ્તોત્રં પ્રેમાવધત પાદયોઃ
અર્પિતં હરિભાવેન ભૂયાત્ તદ્ વરદં કદમ્ ॥૬॥

- ડૉ. હરિપ્રસાદ (ધીરુભાઇ) જોષી

# (૪)

# પ્રેમાંજલિ

**પૂ**ર્વ પુણ્યો હોય તો સંતોતણું શરણું મળે,
**જય**મ જયમ વધે સત્ સંગ ત્યમ ત્યમ આત્મ જયોતિ પ્રજવળે.
...૧.

**પા**મે પ્રસાદી સંતની ઐહિક બધા ગર્વો ટળે,
**દ**ર્શન પરાત્પર તત્ત્વનાં પામે બધે એ હરપળે.
...૨.

**શ્રી**રંગ અવધૂત સદ્ગુરુ, સમર્થ યોગીરાજ જે,
**પ્રે**રી રહ્યા નિજભક્તને સત્કાર્ય કરવા અંતરે.
...૩.

**મ**મતાતણાં મેલાં બધાં જાળાં ખસેડી તત્ક્ષણે,
**અ**વ્યક્ત ને અદષ્ટનાં દર્શન કરાવે ભક્તને.
...૪.

**વ**રસી રહી આશિષની ધારા અહા! એ નયનથી,
**ધૂ**લ જન્મો-જન્મની એ ધોઈ નાખે ભક્તની.
...૫.

**ત**ત્ત્વમસિ તંબૂરથી એ સૂર છેડે અવનવા,
**જી**વન સફળ તેનું અહા! જેણે મધુરા સૂર સૂણ્યા.
...૬.

**ઘ**ન-જ્ઞાનની છાઈ ઘટા, હૃદ્-મોરલા ટહુકી રહ્યા,
અ**ણુ**-અણુમાં રંગની નીરખી રહ્યા જબરી છટા.
...૭.

**જી**વન તમે રંગી દીધું એ '**રંગ**'કેરા રંગથી,
એ**વો** લગાડ્યો રંગ કે નાચી રહ્યા ઉમંગથી.
...૮.

આજે તમારા જન્મની ષષ્ટી તિથિ ઊજવાય છે,
ઘેલા બનેલા ભક્તનો આનંદ અહીં ઊભરાય છે.
...૯.

જીવો તમે યુગો સુધી ઓ પ્રેમ અવધૂત! ભૂ પરે,
રંગો બધાંને '**રંગ**'માં એ પ્રાર્થના '**બાળક**' કરે.
...૧૦.

- શ્રી ગોવિંદ ઉપાધ્યાય

# (૫)
# આ લીંચ તે ડાકોર

આ લીંચ તે ડાકોર, રંગરાજા શ્રીરણછોડ.
ભક્ત ભાવના દેખી દોડ્યો, વિઠ્ઠલ-નંદકિશોર.

સેવાના સુંવાળા બંધન, સ્વીકારે છે રુકમાનંદન,
લીંચ જાણ '**મિનિ નારેશ્વર**' એ રંગાના બોલ.

દ્વારિકાથી પ્રભુ પધાર્યા, **બચુભાઈને**[૧] કહેવા લાગ્યાં,
'બોડાણા સમ મંતર મારો, સુવું તાણીને સોડ'.

ભક્ત[૨] પૂછે 'પ્રભુ હશો ન જ્યારે, શાંતિ કાજ જવું ક્યાં અમારે?'
લીંચ જજો ત્યાં શાંતિ મળશે એ રંગાનો કોલ.

હરિદ્વારમાં રતિભાઈને[૩], રંગ પૂછે શું આપું એને?
ભલું કરે ભગવાન જ એનું, દે આશિષ અમોલ.

રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો,
**રંગ-પ્રેમ** તો **કુલીનગણુ**ની કાળજડાની કોર.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

---

૧. પૂ. પ્રેમ અવધૂતજી. ૨. ડૉ. ભોંસલે. ૩. ડૉ. રતિભાઈ.

# ( ૬ )

# જાગો જાગો હે રણછોડ રાયા!

## (૬૩મી પ્રેમજયંતી પ્રસંગે)

જાગો જાગો હે રણછોડ રાયા!
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા. ...ટેક.

તારા પ્રેમની લગાડી તેં માયા,
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા.

તમે ડાકોરના ઠાકોર ગણાઓ,
તમે રાજા મહારાજા મનાઓ,
જાગો જાગો જશોદાના જાયા. ...રંગ.

તમે દ્વારિકાથી ડાકોર આવ્યા,
તમે રણછોડરાય કહેવાયા,
તમે સવા વાલ વાળીથી તોલાયા. ...રંગ.

સૂણો પાપીગણુના કાલાવાલા,
જાગો જાગો હો નંદજીના લાલા,
પ્રભુ જાગ્યા ને ભક્તો હરખાયા. ...રંગ.

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ! તુંજ એક જગમાં પ્રતિપાળ;
અત્ર્યનસૂયા કરી નિમિત્ત, પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય;
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬.
આવ્યો શરણે બાળ અજાણ; ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ!
સૂણી અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્;
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર,
કીધો આજે કેમ વિલંબ? તુજ વિણ મુજને ના આલંબ!! ૧૦.
વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભદૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ;
વિસ્તારી માયા, દિતિસુત ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.

એવી લીલા કંઇ કંઇ શર્વ કીધી વર્ણવે કો તે સર્વ? ૧૪.
દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ, સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ! કેમ સૂણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ અનંત! મા કર અધવચ શિશુનો અંત!! ૧૮.
જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ, થયો પુત્ર તું નિઃસંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર.
કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!! ૨૨.
શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર! થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન, કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન.
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ.
ઝાલર ખાઇ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,

બ્રાહ્મણસ્ત્રીનો મૃત ભરથાર, કીધો સજીવન તેં નિર્ધાર!
પિશાચ-પીડા કીધી દૂર, વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર;
હરી વિપ્રમદ અંત્યજહાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત!! ૩૦.
નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ!
એકી સાથે આઠ સ્વરૂપ ધરી દેવ બહુરૂપ અરૂપ,
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪.
રામકૃષ્ણરૂપે તેં એમ, કીધી લીલાઓ કંઇ તેમ;
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ! પશુપંખી પણ તુજને સાધ!!
અધમ ઓધારણ તારું નામ; ગાતાં સરે ન શા શા કામ?
આધિવ્યાધિઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ! ૩૮.
મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ દત્તબાવની આ સપ્રેમ,

સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક!
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્ર્ય તેનાં જાય!! ૪૪.
બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન માયા-**રંગ**!
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક!! ૪૮.
વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતાં જ્યાં શેષ કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવતૃપ્તિનો ઉદ્ગાર, સૂણી હસે તે ખાશે માર.
તપસી તત્ત્વમસિ એ દેવ! બોલો જય જય શ્રીગુરુદેવ!! ૫૨.

# લીંચ ગામ બન્યું તીર્થધામ

નાનું ને નાનકડું લીંચ તીર્થ ધામ,
અવધૂત શ્રીરંગનું ગોકુળિયું ગામ.
પ્રેમ-કૃપા-શાંતિનો હોય જ્યાં મુકામ.
...અવધૂત શ્રીરંગનું.

ભલાભોળા માનવીના હૈયામાં પ્રેમ છે,
રંગ કેરા ચરણોમાં યોગ અને ક્ષેમ છે,
હાથે રંગ કામ અને મુખે રંગ નામ.
...અવધૂત શ્રીરંગનું.

રંગ કહે લીંચ મિનિ નારેશ્વર જાણો,
રંગે પૂર્યા પ્રાણ અહીં, વાત સાચી માનો,
પાપીગણુ ભક્તોના મનનો વિશ્રામ.
...અવધૂત શ્રીરંગનું.

- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રઙ્ગાશયજ્ઞં સ્મિતયુત વદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબન્ધું શરણગતજન પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરેફમ્ ।૩।

કમનીય (સુંદર), કરુણાથી ભરેલા, ગુરુના યુગલચરણની સેવા કરનાર, કામના (ઈચ્છા-ઈહ) વગરના (અથવા કામના વગર ગુરુનાં યુગલચરણની સેવા કરનાર), શાન્ત, રંગાવધૂતના આશય (ચિત્તને, ઈરાદાને) જાણનાર, સ્મિતયુક્ત વદનવાળા, સફેદ દાઢી-મૂંછવાળા, સુંદર હાસ્યવાળા, ઈંદ્રિયોનું દમન કરનારા, દીન (ગરીબ) અને આર્ત (દુઃખિયા)ના બંધુ (બેલી), શરણે આવેલા ભક્તજનોની પ્રાર્થના (ઈચ્છા) પૂરી કરનારા, ગુરુનાં હૃદયકમળમાં વસનારા દ્વિરેફ (ભમરો, પ્રેમશંકર) એવા પ્રેમાવધૂતજીને હું વંદન કરું છું.

ડૉ. અરુણોદય ન. જાની